
# દેશમાં વિડીયોકોલિંગ સેવાનો પ્રારંભ

નવીદિલ્હી,તા.૧૨

કેન્દ્રીય ટેલિકોમ મંત્રી કપિલ સિબ્બલે સોમવારનાં રોજ સરકારી દૂરસંચાર પ્રદાન કરનાર ભારત સંચાર નિગમ લિમિટેડ (બીએસએનએલ)ની દેશનાં પૂર્વીય અને દક્ષિણ વિસ્તારમાં વિડીયો ટેલિફોનિક સેવાનો શુભારંભ કર્યો છે. આ સાથે જ હવેથી સમગ્ર દેશમાં બીએસએનએલની આ સેવા ઉપલબ્ધ બની ગઈ છે. બીએસએનએલ દ્વારા ૮ મહિના પહેલાં ઉત્તર અને પશ્ચિમ ભારતમાં પોતાની આ સેવા શરૂ કરી હતી. રાષ્ટ્રીય પાટનગર નવીદિલ્હી અને મુંબઈમાં દૂરસંચાર સેવા પ્રદાન કરનાર સરકારી કંપની મહાનગર ટેલિફોન નિગમ લિમિટેડ (એમટીએનએલ)એ ગત મહિને આ સેવા દેશનાં બંને મહાનગરોમાં શરૂ કરી દીધી હતી. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી કપિલ સિબ્બલે સ્વીકાર્યું હતું કે, વાયરલેસ ક્ષેત્રમાં બીએસએનએલનો ખાનગી કંપનીઓ પાસેથી પ્રતિસ્પર્ધા મળી રહી છે અને બીએસએનએલનાં મોબાઈલ ગ્રાહકોની સંખ્યા ખાનગી કંપનીઓની સરખામણીમાં ખૂબજ ઓછી છે પરંતુ તેમણે એમપણ જણાવ્યું હતું કે, લેન્ડલાઈન ફોન સેવાના મામલામાં બીએસએનએલની બજારમાં ભાગીદારી આજેપણ ૮૦ટકા જેટલી રહી છે અને હવે બ્રોડબેન્ડનાં માધ્યમથી વિડીયો ટેલીફોનિક સેવા સમગ્ર દેશમાં શરૂ કરાયા બાદ આ કંપનીની ન કેવળ આવક વધશે પરંતુ ગ્રાહકોની



સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થશે. તેમણે જણાવ્યું હતું કે, આ સેવાનો લાભ ફક્ત કોર્પોરેટ અને વેપારીઓ જ નહીં પરંતુ દેશનો સામાન્ય નાગરિક પણ લાભ ઉઠાવી શકે છે. નાનાં-મોટાં તમામ પ્રકારનાં વેપારીઓ માટે આ સેવા ખૂબજ ઉપયોગી છે તેમજ દેશનો સામાન્ય નાગરિક પણ વાતચીત દરમિયાન એકબીજાને જોઈ શકશે. આ પ્રસંગે બીએસએનએલનાં અધ્યક્ષ આર.કે.ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ સેવા અંતર્ગત વિડીયોકોલિંગ ભાડું ૨.૫૦ રૂપિયા પ્રતિમિનિટ રાખવામાં આવ્યું છે અને બ્રોડબેન્ડ ભાડું લાગશે નહીં. તેમણે ખુશી વ્યક્ત કરતાં કહ્યું હતું કે, ૮ મહિના પહેલાં ઉત્તર અને પશ્ચિમ ભારતમાં આ સેવા શરૂ કરવામાં આવી હતી અને હવે અમે દક્ષિણ ભારત તેમજ પૂર્વ ભારતમાં આ સેવા શરૂ કરવા જઈ રહ્યાં છે જેનાથી સમગ્ર દેશની જનતાને આધુનિક ટેકનોલોજીનો લાભ મળશે. ઉલ્લેખનીય છે કે, એમટીએનએલે અગાઉથી જ દિલ્હી અને મુંબઈ જેવા મહાનગરોમાં આ સેવા શરૂ કરી દીધી છે અને હવે બીએસએનએલ દ્વારા આ સેવા અન્ય જગ્યાઓએ શરૂ કરાતાં દેશનાં બીએસએનએલ અને એમટીએનએલ ગ્રાહકો વિડીયોકોલિંગ કરી શકશે. બીએસએનએલે પૂર્વીય અને દક્ષિણ ભારતમાં પોતાની આ સેવા માટે સરકારી કંપની આઈટીઆઈ સાથે કરાર કર્યો છે. આઈટીઆઈએ ખાનગી ક્ષેત્રની કંપની ક્લિક ટેલિકોમને ટેકનોલોજી ભાગીદાર બનાવ્યાં છે.

## વિકાસના નાણાં ત્રિપુરા સરકાર જ ખર્ચ કરી દે છે : રાહુલ ગાંધી

ત્રિપુરા,તા.૧૨

કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ત્રિપુરાના લોકોને ૧૪મી ફેબ્રુઆરીએ રાજ્યમાં યોજાનાર વિધાનસભાની ચૂંટણીમાં મતદાન કરવાનો આગ્રહ કર્યો છે. તેમણે રાજ્યમાં વિકાસ થાય તે માટે દિલ્હી અને રાજ્ય વચ્ચે સીધો સંબંધ સ્થપાય તેની વકીલાત કરી હતી.



રાહુલ ગાંધીએ એક ચુંટણી રેલીમાં જણાવ્યું હતું કે "દિલ્હી સરકાર અને ત્રિપુરાના લોકો વચ્ચે એક સરકાર છે જે વિકાસના તમામ નાણાં ખાઈ જાય છે. અમે ત્રિપુરાના લોકો અને દીલ્હી વચ્ચે સીધો સંબંધ બંધાય એમ ઈચ્છીએ છીએ. તે ત્યારે જ શક્ય બનશે. જ્યારે તમે કોંગ્રેસને સત્તા પર બેસાડો.લોકોએ કેરળ અને પશ્ચિમ બંગાળમાં પરિવર્તનનો માર્ગ મોકળો બનાવ્યો છે. એ જ બાબત ત્રિપુરામાં પણ શક્ય છે. ત્રિપુરામાં ૨ દાયકાથી ડાબેરીમોર્ચાની સરકાર છે. જો આ વખતે તેનો વિજય થશે તો રાજ્યમાં સતત પાંચમી વાર તે સરકાર બનાવશે.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ માટે લોકો પ્રથમ પ્રાથમિકતા પર છે. જ્યોર માકપા માટે પક્ષ પ્રથમ પ્રાથમિકતા છે. અને લોકો બીજી પ્રાથમિકતા પર છે. અમે જૂથગત વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માંગીએ છીએ.

તેમણે જણાવ્યું હતું કે કેરળના મારા પ્રવાસ દરમિયાન મેં માકપાના કાર્યકર્તાઓએ જ્યાં તોડફોડ કરી હતી એ દુકાનમાં ચા પીધી હતી. જો કે એ દુકાનનો માલિક એ જ પક્ષનો હતો.

ચીનના પોતાના અનુભવો વિશે તેમણે જણાવ્યું હતું કે ત્યાંના કમ્યુનિસ્ટ ઉદારવાદી છે. અને તેમણે વૈશ્વિકરણનો સ્વીકાર કરી લીધો છે. એ જ દેશના વિકાસનું કારણ છે.

તેમણે જણાવ્યું હતું કે "ચીનના કમ્યિનિસ્ટ અને ત્રિપુરાના કમ્યુનિસ્ટમાં એ તફાવત છે કે અહીંના કમ્યુનિસ્ટ વૈશ્વિકરણ અને વિકાસ થાય તેમ ઈચ્છતા નથી. રાહુલ ગાંધી અગરતલામાં બે સ્થળો પર પ્રચાર કરશે. મારા માતાજી શ્રીમતી સોનિયા ગાંધી બિમાર હોવાના કારણે અહીં આવી શકયા નથી. તેમણે મને આ જવાબદારી સોંપી છે. રાહુલ ગાંધી સોનિયા ગાંધી જ્યાં પ્રચાર કરવાના હતા તે સ્થળો અગરતલા અને કમલપુરમાં પ્રચાર કરશે.

## વાજપેઈ પીએમ હોત તો ગુરૂને ફાંસી અપાઈ ન હોત

નવીદિલ્હી,તા.૧૨

સંસદ હુમલા કેસનાં આરોપી અફઝલ ગુરૂની ફાંસીને કાશ્મીરમાં શાંતિ સ્થાપિત કરવાની કોશિષો માટે બાધારૂપ જણાવતાં ભારતની ગુપ્તચર સંસ્થા રોનાં પૂર્વ પ્રમુખ અને ઘાટી મામલાઓનાં વિશેષજ્ઞ કે.એસ.દોલતે દાવો કર્યો છે કે, જો અટલબિહારી વાજપેઈ પ્રધાનમંત્રી હોત તો અફઝલ ગુરૂને ફાંસી અપાઈ ન હોત. તેમણે કહ્યું હતું કે, ભલે ભારતીય જનતા પાર્ટી લાંબા સમયથી અફઝલને ફાંસી આપવા વિશે માંગણી કરી રહી હતી પરંતુ જો વાજપેઈ દેશનાં વડાપ્રધાન પદે હોત તો ક્યારેય તેઓ આવું પગલું ભરત નહીં. ઉલ્લેખનીય છે કે, દોલત વર્ષ ૧૯૯૯-૨૦૦૦નાં સમયગાળા દરમિયાન ભારતની ટોચની જાસૂસી સંસ્થા રોનાં પ્રમુખ તરીકે રહ્યા હતાં, સાથે જ તેઓ કાશ્મીર મુદ્દે તે સમયનાં પ્રધાનમંત્રી વાજપેઈનાં સલાહકાર પણ હતાં. દોલતે વાજપેઈ સરકારનાં કાશ્મીર મુદ્દે જોડાયેલ મામલાઓમાં નીતિનિર્ધારણ કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમનું માનવું છે કે, અફઝલને ખોટાં સમયે ફાંસી આપવામાં આવી છે. આ નિર્ણયથી કાશ્મીરમાં ચાલી રહેલી શાંતિ પ્રક્રિયા પ્રભાવિત થઈ શકે છે અને ઘાટી ફરી એકવાર આતંકવાદના જૂના સમયમાં પરત ફરી શકે છે. તેમણે જણાવ્યું છે કે, હું આશા નથી રાખતો કે કાશ્મીર ઘાટી ફરીથી હિંસાના વર્ષોમાં પરત ફરે. તેમણે એમપણ જણાવ્યું હતું કે, અફઝલ મુદ્દે કાશ્મીરનાં લોકો કેટલાંક ભાવુક છે તેનો ખ્યાલ તેની ફાંસી બાદ ઉભી થયેલી પરિસ્થિતિ ઉપરથી આવી શકે છે. અત્યારસુધીમાં છેલ્લાં બે-ત્રણ દિવસો દરમિયાન થયેલાં વિરોધ પ્રદર્શનોમાં સુરક્ષાદળો સાથેમી અથડામણમાં ત્રણ લોકોનાં મોત થયા છે. આ બાબતને જોતાં રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અસરગ્રસ્ત બની શકે છે. દોલતે આશા વ્યક્ત કરી છે કે, હવે સરકારે કાશ્મીરમાં ઉભી થયેલી સ્થિતિમાંથી બહાર આવવા માટે ઉપાયો તુરંત યોજવા જરૂરી છે, જે ઉપાયો કાયદો અને વ્યવસ્થાની પ્રક્રિયાથી અલગ પ્રકારનાં હોવા જોઈએ.

## યુપીમાં ચૂંટણીની કમાન સંભાળતા મુલાયમસિંહ

### ઘોષિત ઉમેદવારો વિશે વ્યાપક ફરિયાદો મળતાં મુલાયમસિંહ અત્યંત ચિંતાતુર

નવીદિલ્હી,તા.૧૨

દેશમાં આવી રહેલી સામાન્ય ચૂંટણીઓને ધ્યાનમાં લેતાં કોંગ્રેસમાં શરૂ થયેલાં સળવળાટ બાદ સૌથી વધારે અસર સમાજવાદી પાર્ટી પર પડી છે. બદલાતાં વાતાવરણાં સમાજવાદી પાર્ટીનાં સુપ્રીમો મુલાયમસિંહે સમગ્ર ચૂંટણીની કમાન પોતાનાં હાથમાં સંભાળી લીધી છે. આ બાબતે પગલાં ભરતાં ઉત્તર પ્રદેશની અખિલેશ યાદવ સરકારનાં મંત્રીમંડળના વિસ્તારમાં તેમણે પોતાનું ધાર્યું કર્યું છે, એટલું જ નહીં પરંતુ સમગ્ર રાજ્યમાં મોટાપાયે પ્રશાસનિક તેમજ પોલીસ અધિકારીઓની બદલી બાદ હવે લોકસભા ચૂંટણી માટે જાહેર કરાયેલ ઉમેદવારોની જીતની સ્થિતિ વિશે પણ જાણવા કવાયત હાથ ધરી છે. સૂત્રોનાં જણાવ્યા મુજબ લોકસભા ચૂંટણીને ધ્યાને લેતાં સપા પ્રમુખ મુલાયમે એકસાથે અનેક મોરચા ઉપર ધ્યાન આપવા જોડાઈ ગયા છે. કહેવામાં આવી રહ્યું છે કે, અખિલેશ સરકાર અને સપાનાં કેટલાંક ટોચનાં કાર્યકર્તા અને નેતાઓએ મુલાયમ સમક્ષ રાજ્યના મંત્રીઓનાં ભ્રષ્ટાચાર અને કામગીરીની નિષ્ક્રિયતાની ફરિયાદો કરી છે જેથી પણ મુલાયમસિંહ ચિંતિત બન્યાં છે. મુલાયમસિંહની ઈચ્છા છે કે લોકસભા ચૂંટણી પહેલાં રાજ્યમાં અખિલેશ સરકારની છબી પ્રજાની નજરમાં સુધારવી જરૂરી છે. સૂત્રો દ્વારા મળેલી માહિતી મુજબ સમાજવાદી પાર્ટી ઉત્તર પ્રદેશમાં ૬૫ લોકસભા સીટો પર પોતાનાં ઉમેદવાર જાહેર કરી ચૂકી છે અને પાર્ટી પ્રમુખ તમામ બેઠકો પરનાં રિપોર્ટ મંગાવી રહ્યાં છે. સમાચાર એ છે કે જે ઉમેદવારનાં નામ જાહેર કરાયા છે તેમાંથી લગભગ અડધો ડઝન ઉમેદવારોની જીત વિશે સંભાવના દેખાઈ રહી નથી તેથી તેમની ઉમેદવારી બદલવા વિશે પણ વિચાર કરાઈ રહ્યો છે જ્યારે બાકી બચેલી ૧૫ બેઠકો પરથી રાયબરેલી સાથે સાથે અમેઠી બેઠક પર સમાજવાદી પોતાનો ઉમેદવાર ઉતારશે નહીં. ટૂંક સમયમાં જ આ વિશે અંતિમ નિર્ણય લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, ગત લોકસભા ચૂંટણીમાં રાયબરેલી અને અમેઠી બેઠક પર ક્રમશઃ સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી ચૂંટણીમાં ઉભા રહ્યા હતાં.

# ભારતની આર્થિક વ્યવસ્થા ખરાબ સ્થિતિમાં

## કેપિટલ અને કન્ઝ્યુમર ગુડ્સના ઉત્પાદનમાં ઉલ્લેખનીય ઘટાડો

નવી દિલ્હી,તા. ૧૨

ઔદ્યોગિક ક્ષેત્રના નવા આંકડા સાબિત કરે છે કે ભારતીય અર્થતંત્રની હાલત ખૂબજ કફોડી બનેલી છે. અર્થતંત્ર હજુ પણ મંદીમાંથી બહાર આવી શક્યુ નથી. આજે જારી કરવામાં આવેલા આંકડાઓમાં જણાવવામાં આવ્યુ છે કે ડિસેમ્બર ૨૦૧૨માં ઔદ્યોગિક ઉત્પાદનનો દર એક વર્ષ અગાઉની સરખામણીમાં ૦.૬ ટકા નીચે રહ્યો છે. મેન્યુફેક્ચરીંગ, માઈનિંગ ક્ષેત્રમાં નિરાશાજનક રહ્યો છે. આ ઉપરાંત કેપિટલ અને કન્ઝ્યુમર ગુડ્સના ક્ષેત્રમાં પણ નિરાશા રહી છે. ઈન્ડેક્સ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોડક્સન દ્વારા માપવામાં આવતા આંકડામાં ઔદ્યોગિક ઉત્પાદન ડિસેમ્બર ૨૦૧૧માં ૨.૭ ટકા સુધી વધ્યો હતો. પરંતુ ૨૦૧૨માં તેમાં ઘટાડો નોંધાયો છે. આજે જારી કરવામાં આવેલા આંકડામાં ચાલુ નાણાંકીય વર્ષમાં એપ્રિલથી ડિસેમ્બરમાં નવ મહિનાના ગાળામાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદર ૦.૭ ટકા રહ્યો છે જે અગાઉના નાણાંકીય વર્ષની આ જ અવધિમાં ૩.૭ ટકા રહ્યો હતો. આ ગાળા દરમિયાન નવેમ્બર ૨૦૧૨માં ઔદ્યોગિક ઉત્પાદનમાં ઘટાડાનો સુધારેલો દર ૦.૮૪ ટકા રહ્યો છે જ્યારે શરૂઆતના અંદાજમાં ઔદ્યોગિક ઉત્પાદનનો આંકડો ૦.૧ ટકા ઘટશે તેવી વાત કરવામાં આવી હતી. આવી જ રીતે ગયા વર્ષના ઓક્ટોબર મહિનાના ગાળામાં ઔદ્યોગિક ઉત્પાદનનો વૃદ્ધિદરના આંકડાને સુધારીને ૧૦.૬૬ ટકા કરવામાં આવ્યો હતો જે ગયા મહિનામાં જારી પ્રથમ સુધારાના ૮.૩ ટકા હતો. ઔદ્યોગિક ઉત્પાદન સેક્ટરમાં ડિસેમ્બર ૨૦૧૨માં૦.૭ ટકા ઘટાડો થયો છે. આની સામે ૨૦૧૧માં ૨.૮ ટકાનો વધારો હતો. ચાવીરૂપ સેક્ટરલના ઉત્પાદનમાં વૃદ્ધિદર ઉથલપાથલવાળો રહ્યો છે. ડિસેમ્બરમાં ખાણ ક્ષેત્રમાં ઉત્પાદન ચાર ટકા ઘટી ગયો હતો. જ્યારે ડિસેમ્બર ૨૦૧૧માં તેમાં આ જ ગાળા દરમિયાન ૩.૩ ટકા સુધીનો ઘટાડો નોંધાયો હતો. એપ્રિલ-ડિસેમ્બરમાં આ ક્ષેત્રમાં ઉત્પાદન ૧.૯ ટકા ઘટ્યો હતો જ્યારે એક વર્ષ અગાઉના આ જ ગાળામાં ૨.૬ ટકા ઘટ્યો હતો. આવી જ રીતે કેપિટલ ગુડ્સ ઉત્પાદનમાં ડિસેમ્બરમાં ૦.૯ ટકાનો ઘટાડો થયો છે જ્યારે ૨૦૧૧માં તેમાં ૧૬ ટકાનો ઘટાડો નોંધાયો હતો. એપ્રિલ-ડિસેમ્બરના ગાળામાં ૧૦.૧ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. ૨૦૧૧-૧૨ના આજ ગાળામાં તેમાં ૨.૯ ટકાનો ઘટાડો નોંધાયો હતો. કન્ઝ્યુમર ગુડ્સ ઉત્પાદન ડિસેમ્બરમાં ૪.૨ ટકા ઘટી ગયુ છે. જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ૧૦.૧ ટકા સુધીનો વધારો નોંધાયો હતો. આ નાણાંકીય વર્ષમાં એપ્રિલ ડિસેમ્બરના ગાળામાં આ સેગમેન્ટમાં ગ્રોથ ૨૦૧૧-૧૨ના આ જ ગાળામાં ૫.૭ ટકાની સરખામણીમાં ૨.૬ ટકા રહ્યો છે. ડિસેમ્બરમાં કન્ઝ્યુમર ડ્યુરેબલના ઉત્પાદનમાં ઘટાડો ૮.૨ ટકા રહ્યો છે. ૨૦૧૧ના આ જ મહિનામાં ૫.૧ ટકાનો વધારો નોંધાયો હતો. કન્ઝ્યુમર નોન ડ્યુરેબલ ઉત્પાદનમાં ડિસેમ્બરમાં ૧.૪ ટકાનો ઘટાડો રહ્યો છે જ્યારે એક વર્ષ અગાઉ આ જ ગાળામાં ૧૩.૮ ટકાનો વધારો નોંધાયો હતો. આ જ સેગમેન્ટમાં આ નાણાંકીય વર્ષના પ્રથમ નવ મહિનામાં ૧.૭ ટકાનો વધારો નોંધાયો છે. જ્યારે ૨૦૧૧-૧૨ના આ જ ગાળામાં ૬.૧ ટકાનો વધારો નોંધાયો હતો. વિજળી ક્ષેત્રમાં ઉત્પાદન ડિસેમ્બરમાં ૫.૨ ટકા વધી ગયો છે. જ્યારે ગયા વર્ષે આ જ ગાળામાં ૯.૧ ટકાનો વધારો નોંધાયો હતો. એપ્રિલ-ડિસેમ્બરમાં વિજળી ક્ષેત્રમાં ઉત્પાદનમાં વૃદ્ધિદર ૪.૬ ટકા રહ્યો હતો જે એક વર્ષ અગાઉ આ જ ગાળામાં ૯.૪ ટકા વધ્યો હતો.

## સમાચાર ઝલક

- અમરનાથની યાત્રામાં ૧૩ વર્ષથી ઓછી વય અને ૭૫ વર્ષથી વધુ વય ધરાવતા વ્યક્તિને મંજુરી નહીં મળે.
- પોસ્ટ વિભાગ બીએસએનલના સહયોગથી મોબાઇલ મની ટ્રાન્સફર સેવા શરૂ કરશે.
- એપ્રિલ પછી ખાંડમાં ભાવ વધારો થશે.
- લાંચના ભાવમાં ધરખમ વધારો, ગુજરાતમાં સૌથી મોટી લાંચના ઇતિહાસમાં રૂા. ૩૦ લાખની લાંચના આરોપસર એક સેલ્સટેક્ષ ઓફીસર સકંજામાં આવ્યાં છે.
- ધો-૧૦/૧૨ની પરીક્ષામાં હવે ગેરરીતી અટકાવવા સીસીટીવી કેમેરા દરેક પરીક્ષા કેન્દ્રમાં લગાવાશે.
- આફ્રિકા જતાં લોકોને અપાતી યલો ફીવરની રસી ખલાસ.
- દેશની કંપનીઓનાં ૫૩૦ કરોડના ડિવિડન્ટનું કોઇ માલિક નથી.
- બરફના ભયાનક વાવાઝોડાએ અમેરિકા-કેનાડામાં ભારે તારાજી સર્જી.
- અલ્હાબાદ આરોગ્ય તંત્રએ શરમ નેવે મુકી, લાશ સોંપવા માટે લાંચ માગી.
- વેલેન્ટાઇન ફીવર છવાવા લાગ્યો, થિયેટરથી માંડી રેસ્ટોરાં સુધી બુકીંગ ફુલ.
- હળવદના જીનમાં આગ લાખો રૂપિયાનું રૂ બળી ગયું.
- લાંબા સમયથી જેલમાં રહેલા કાચા કામનાં કેદીઓને મુક્ત કરાશે.
- રંગભૂમિના અભિનેતા દિનેશ શુક્લનું અવસાન.
- બળાત્કાર મામલામાં રાજયસભાના અધ્યક્ષ કુરીયનની મુશ્કેલીઓ વધી.
- મહારાષ્ટ્રમાં વરસાદ, મુંબઇમાં વરસાદની આગાહી.
- આસામમાં હિંસા ભભૂકી, ૫ વ્યક્તિઓનાં મોત.
- ઉત્તર કોરિયામાં પરમાણું પરીક્ષણ.
- ઔદ્યોગિક વિકાસ દરમાં ઘટાડો.
- ખાંભાના તાલુકા વિકાસ અધિકારી લાંચના છટકામાં સપડાયા.

## કાશ્મીર ખીણમાં સતત ચોથા દિવસેય સંચારબંધી અકબંધ

શ્રીનગર,તા. ૧૨

સંસદ પર ભીષણ આતંકવાદી હુમલામાં મુખ્ય અપરાધી અફઝલ ગુરુને નવી દિલ્હીની તિહાર જેલમાં ફાંસી આપી દેવામાં આવ્યા બાદ કાશ્મીર ખીણમાં અચોક્કસ મુદતની સંચારબંધી આજે ચોથા દિવસે પણ યથાવત્ રીતે જારી રાખવામાં આવી હતી. કરફ્યુના નિયંત્રણો અવિરતપણે જારી રાખવામાં આવ્યા છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ ગઈકાલે એમ કહીને ભારે વિવાદ જગાવ્યો હતો કે સંસદ પર હુમલામાં અપરાધીને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ તેના પરિવારના સભ્યોને તેની કબર ઉપર નમાજ અદા કરવાની મંજૂરી આપવા તેઓ પ્રયાસ કરશે. પોલીસ સૂત્રોએ માહિતી આપતા કહ્યું હતું કે સાવચેતીના તમામ પગલાં લેવામાં આવ્યા છે.

મજબૂત સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. ઓમરે એમ કહ્યું છે કે જો અફઝલના પરિવારના સભ્યો રજૂઆત કરશે તો બનતી તમામ મદદ કરશે. શ્રીનગરમાં અફઝલને ફાંસી આપી દેવામાં આવ્યા બાદ હિંસા ભડકી ઊઠી હતી. દેખાવો દરમિયાન



હિંસા થતાં ત્રણ લોકોના હજુ સુધી મોત થઈ ચૂક્યા છે. ઉત્તર કાશ્મીરના ગંદરબાર જિલ્લાના બટવિના ગામમાં નિવાસીઓ હિંસા ઉપર ઉતરેલા છે. સ્થિતિ વધુ ગંભીર ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા મજબૂત રાખવામાં આવી છે.

રાજ્ય સરકારે હિંસાના મામલામાં તપાસનો આદેશ આપવામાં આવ્યો છે. સાથે સાથે વળતરનો પણ આદેશ કરાયો છે. આજે સતત ચોથા દિવસે મજબૂત સુરક્ષા વ્યવસ્થા અમલી રહી હતી. ટેબલ ટેલિવિઝન ઓપરેશન અને ઈન્ટરનેટની સુવિધાઓ ઉનાળા પાટનગર શ્રીનગરમાં બંધ રાખવામાં આવી છે. જો કે બીએસએનએલના બ્રોડબેનના યુઝરોનું કહેવું છે કે તેમની ફેસીલીટી કામ કરી રહી છે.

## ઈટાલિયન હેલિકોપ્ટર કાંડમાં સીબીઆઈ તપાસનો આદેશ


સંરક્ષણ પ્રધાન એકે એન્ટોનીએ આજે વીવીઆઈપી હેલિકોપ્ટર સમજૂતિમાં સીબીઆઈ તપાસનો આદેશ કર્યો હતો. ભારતને હેલિકોપ્ટરના વેચાણના સંબંધમાં લાંચરુશ્વના આક્ષેપો થયા બાદ ઈટાલિયન સંરક્ષણ કંપનીના સીઈઓની ધરપકડ થતા આ સમગ્ર મામલો સપાટી પર આવ્યો છે. ઈટાલિયન હેલિકોપ્ટર સૌદાબાજી કૌભાંડ બાદ ડિલિવરીને રોકી દેવામાં આવી છે અને સીબીઆઈ તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. મંત્રાલયનું કહેવું છે કે ઈટાલી અને યુકની સરકાર પાસેથી માહિતી મેળવવામાં આવી રહી છે પરતુ કોઈ ચોક્કસ માહિતી હજુ સુધી મળી નથી.

ફેબ્રુઆરી ૨૦૧૦માં ભારતે ૧૨ ત્રણ એન્જિન વાળા એડબલ્યુ-૧૦૧ હેલિકોપ્ટર મેળવવા સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા. રાષ્ટ્રપતિ, વડાપ્રધાન અને અન્ય વીઆઈપી લોકો માટે આ હેલિકોપ્ટરની ખરીદી કરવામાં આવનાર હતી. ઈટાલિયન મીડિયામાં આજે એવા અહેવાલ આવ્યા હતા કે ઈટાલિયન કંપનીના સીઈઓ ઓરસીની ભ્રષ્ટાચાર બદલ ધરપકડ કરી લેવામાં આવી છે.

## સીબીઆઈ ડિરેક્ટર રણજિત સિંહાની સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા આકરી પૂછપરછ

નવી દિલ્હી,તા. ૧૨

સીબીઆઈ ડિરેક્ટર રણજિત સિંહાની સંયુક્ત સંસદીય સમિતિ દ્વારા આકરી પૂછપરછ કરવામાં આવી હતી. ટુજી કેસમાં પ્રોસિક્યુટરની હકાલપટ્ટીના સંબંધમાં વિપક્ષી સભ્યો દ્વારા પુછપરછ કરવામાં આવી હતી. ટુજી કૌભાંડ કેસમાં જેપીસી દ્વારા હાલમાં તપાસ કરવામાં આવી રહી છે. પીસી ચાકોના નેતૃત્વમાં સંયુક્ત સાંસદીય સમિતિ સમક્ષ




સિંહાએ એમ કહ્યુ હોવાનું જાણવા મળ્યુ છે કે સીબીઆઈના પ્રોસિક્યુટર એકે સિંહ અને યુનિટેકના મેનેજિંગ ડિરેક્ટર સંજય ચંદ્રા વચ્ચે વાતચીતમાં હજુ તપાસ ચાલી રહી છે. અત્રે નોંધનીય છે કે ચંદ્રા સાથે પ્રોકિક્યુશન વ્યૂહરચના સાથે વાતચીતની ટેપમાં આવી ગયા બાદ ટુજી સ્પેક્ટ્રમ કેસમાંથી સીબીઆઈ દ્વારા પ્રોસિક્યુટરને દૂર કરવામાં આવ્યા હતા. રણજિત સિંહા જેપીસી સમક્ષ ઉપસ્થિત થયા હતા. ટુજી સ્પેક્ટ્રમની ફાળવણીમાં ગેરરીતિમાં તપાસ અર્થે જેપીસી સમક્ષ સિંહા ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ તેમની લાંબી પુછપરછ ચાલી હતી. ટેલિકોમ સેક્રેટરી આર ચંદ્રશેખરની પણ અગાઉ પુછપરછ કરવામાં આવી ચુકી છે. સીબીઆઈ હાલ જેપીસી તરફથી પુછપરછનો સામનો કરી રહી છે. સંજય ચંદ્રાને અતિ સંવેદનશીલ માહિતી લીક કરવા બદલ ભૂતપૂર્વ ટુજી પ્રોસિક્યુટર એકે સિંહા સામે સીબીઆઈએ કેસ કેમ નોંધ્યો ન હતો તે બાબત જાણવાના જેપીસી દ્વારા પ્રયાસ કરવામાં આવ્યા હતા. યુનિટેકના મેનેજિંગ ડિરેક્ટર સંજય ચંદ્રાને માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. સંજય ચંદ્રા પોતે ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કેસમાં એક આરોપી તરીકે છે. સીબીઆઈ વડાએ કબૂલાત કરી હતી કે એજન્સીએ સિંહ અને ચંદ્રા વચ્ચે ફોનની વાતચીત ટેપ કરી ન હતી. સીબીઆઈ સેબીના સોર્સ અંગે પણ માહિતીગાર ન હતા. સીબીઆઈએ જેપીસી સમક્ષ તેના જવાબમાં ખુલાસો કરવામાં આવ્યો હતો કે એજન્સી દ્વારા પ્રાથમિક તપાસ કરવામાં આવી હતી. સીબીઆઈએ પહેલાથી જ આરોપીઓના વોઈસ સેમ્પલ લીધા છે અને આ સેમ્પલ ફોરેન્સિક ચકાસણી માટે મોકલી દેવામાં આવ્યા છે. સિંહાએ પણ કહ્યુ છે કે પ્રાથમિકરીતે લાગે છે કે અવાજ સિંહ અને ચંદ્રાનો છે પરંતુ સીબીઆઈ ફોરેન્સિક નિષ્ણાંતો તરફથી અહેવાલની રાહ જોઈ રહી છે જો કે સિંહ અને ચંદ્રા બંનેએ આ આક્ષેપને રદિયો આપ્યો છે. જેપીસી દ્વારા આજે સીબીઆઈની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. ટુજી સ્પેક્ટ્રમ કેસમાં આરોપીનો મદદ કરનાર પ્રોસિક્યુટર અંગે સીબીઆઈ પાસે માહિતી ન હતી.